ડિજિટલ પોર્ટલથી આપવામાં આવતા ઈ-પ્રમાણપત્રો પર ગોળ સિક્કા(Round Seal) દર્શાવવા બાબત.

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

પરિપત્ર ક્રમાંક: **GAD/AII/e-file/1/2025/6677/ARTD2**

સચિવાલય, ગાંધીનગર.

તા. ઈ-સાઈન મુજબ

વંચાણે લીધેલ:

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૮/૧૨/૨૦૨૫નો સમાનાંકી પરિપત્ર

પરિપત્ર

રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને સૌથી વધારે જરૂર પડતી(High-Transaction) સરકારી સેવાઓની પ્રક્રિયાઓ વધુ સરળ, ઝડપી, પારદર્શી અને કાગળવિહીન બનાવવાની દિશામાં રાજ્યવ્યાપી ગવર્નમેન્ટ પ્રોસેસ રિ-એન્જિનિયરિંગ (GPR) અને બિઝનેસ પ્રોસેસ રિ-એન્જિનિયરિંગ (BPR)ની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ GPR-BPR પ્રક્રિયાનો મુખ્ય ઉદ્દેશ્ય "Digital-by-Default" માળખા હેઠળ સેવા વિતરણની પ્રક્રિયાને એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ સ્વરૂપ આપીને ડિજિટલ ગુજરાત ૨.૦ સાથે સંકલિત કરવાનો છે.

હાલમાં સુગમ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફતે પૂરા પાડવામાં આવતા ઈ-પ્રમાણપત્રોમાં પ્રમાણપત્ર આપનાર અધિકારીના "ગોળ સિક્કા" દર્શાવવામાં આવતા ન હોઈ, અરજદારોને સંબંધિત કચેરીમાં રૂબરૂ જઈ સિક્કા કરાવવાની જરૂરિયાત ઊભી થાય છે અને કામગીરીમાં વિલંબ થાય છે.

GPR-BPR સુધારણાના ભાગરૂપે વહીવટી પ્રક્રિયાને વધુ સ્પષ્ટ, સ્વચાલિત અને ક્ષતિરહિત કરવા અર્થે, ઈ-પ્રમાણપત્ર પર જ પ્રમાણપત્ર મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી (Issuing Authority)ની કચેરીની સંપૂર્ણ વિગતો સાથેનો ગોળ સિક્કો દર્શાવવો જરૂરી જણાતાં નીચે મુજબની સૂચનાઓ આથી પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) ડિજિટલ પોર્ટલ પરથી આપવામાં આવતી તમામ સેવાઓ અંતર્ગત આપવામાં આવતા પ્રમાણપત્ર/દાખલા પર તે આપનાર સત્તાધિકારીના ગોળ સિક્કા(Round Seal) પ્રવર્તમાન કાયદા/નિયમો/સૂચના અનુસાર દર્શાવવા આવશ્યક છે.

(૨) ડિજિટલ પોર્ટલ પરની તમામ સેવાઓ અંતર્ગત આપવામાં આવતા પ્રમાણપત્ર/દાખલા પર ગોળ સિક્કા(Round Seal) દર્શાવવા બાબતે સંબંધિત વિભાગ દ્વારા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના પરામર્શમાં જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૩) સંબંધિત વિભાગ દ્વારા આવશ્યક કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ ડિજિટલ પોર્ટલ પરની તમામ સેવાઓના પ્રમાણપત્રો પર ગોળ સિક્કા(Round Seal) દર્શાવવા બાબતે ડિજિટલ પોર્ટલ પર જરૂરી ડેવલપમેન્ટ પૂર્ણ કરી સિસ્ટમમાં અમલી બનાવવા માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા જરૂરી ટેકનિકલ કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેન્દ્ર એસ. ચાવડા)
સરકારના ઉપ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકારશ્રી/ સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી/અધિક અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો(તેમના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાઓ/ખાતાના વડા હેઠળની કચેરીઓના ધ્યાને લાવવાની સૂચના સહ)
- નિયામકશ્રી, આઈ.સી.ટી અને ઈ-ગવર્નન્સની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.

- સર્વે કલેક્ટરશ્રીઓ/સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ/ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ.
    - પત્ર દ્વારા

Signature Not Verified

Signed by:Mahendra S Chavda
Under Secretary
Date:2026.10.21
13:34:26 +5:30

File No: GAD/AII/e-file/1/2025/6677/ARTD2 - Section
Approved By: Under Secretary,ARTD2 - Section,GAD

Open the document in Adobe Acrobat DC to verify the E-sign